# સે-૨૬ ગ્રીનસીટી વસાહતની સુવિધા અને જાળવણી પાલિકાને સોંપવા રજુઆત

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગર શહેર સેકટર-૨૬ ગ્રીનસીટીના વસાહતીઓ પાસેથી જીઆઈડીસી અને મહાનગર પાલિકા દ્વારા કરવેરાની વસુલાત કરવામાં આવે છે. આ બેવડા કરવેરાને કારણે વસાહતીઓ ત્રાહીમામ પોંકારી ઉઠ્યા છે. ત્યારે કરવેરાની સમીક્ષા કરી ગ્રીનસીટી વસાહતની તમામ પ્રાથમિક થતા માળખાકીય સુવિધા અને મરામત તેમજ જાળવણી મહાનગર પાલિકા તેમજ પાટનગર યોજના વિભાગ હસ્તક કરવામાં આવે તેવી રજુઆત વસાહતીઓએ મંત્રી નિતિનભાઈ પટેલ તેમજ લાગતા વળગતા તંત્રને પણ કરી છે.

ગાંધીનગર શહેર સેકટર-૨૬ ગ્રીનસીટી ખાતે રહેતા વસાહતીઓને મનપા અને જીઆઈડીસીનો બંન્ને સંસ્થાઓ દ્વારા કરવેરાની વસુલાત

## ગ્રીનસીટીમાં મનપા અને જીઆઈડીસી દ્વારા કરવેરા વસુલાતા વસાહતીઓ પરેશાન

કરવામાં આવે છે.સેકટર-૨૫ અને ૨૬ સેકટરની કેટલીક જમીન વિજાણું વસાહતમાં ઔદ્યોગિક એકમો તથા વિજાણું રહેણાંક વિસ્તાર ગ્રીનસીટી તરીકે વિકસાવવા માટે જીઆઈડીસી હસ્તક મુકેલી હતી. જીઆઈડીસી દ્વારા આ વિસ્તારમાં ઔદ્યોગિક એકમો તથા વિજાણું રહેણાંક વિસ્તાર ગ્રીનસીટી તરીકે વિકસાવી પાણી, ગટર, સ્ટ્રીટ લાઈટ, રોડ -રસ્તા જેવી પ્રાથમિક સુવિધા ઉભી કરાઈ હતી. ત્યારબાદ ગત તા.૧-૫-૧૦થી પાલિકા અસ્તિત્વમાં આવતા વસાહતીઓ કરવેરા ભરે છે. બીજીબાજુ જીઆઈડીસી એ રહેણાંક વિસ્તારમાં પ્રાથમિક સુવિધા ઉભી કરી હોવાથી અને આ રહેણાંક વસાહતનો વિસ્તાર જીઆઈડીસી હસ્તક હોવાથી તેમના દ્વારા પણ કરવેરા વસુલ લેવામાં આવે છે.

આમ અત્યારે હાલમાં ગ્રીનસીટી વસાહતના વસાહતીઓ બેવડા ધોરણે કરવેરા ભરતા આવ્યા છે. સેકટર-૨૬ ગ્રીનસીટીને માળખાકીય સુવિધા પુરી પાડવામાં આવે છે તે યોગ્ય છે પરંતુ વર્ષ ૨૦૧૬ અને ૧૭થી નાબુદ કરવામાં આવે તે અંગે યોગ્ય કરવા ઉચ્ચકક્ષાએ રજુઆત કરી છે. ગ્રીનસીટીના વસાહતીઓ પાસેથી બેવડા ધોરણે વસુલાતા કરવેરાની સમીક્ષા કરીનો માળખાકીય સુવિધાઓની મરામત અનો જાળવણી મહાનગર પાલિકા અથવા પાટનગર યોજના વિભાગને હસ્તક કરવા રજુઆત કરી છે. ગ્રીનસીટીમાં વરસાદી પાણીના નિકાલની લાઈનો કે ફુટપાથો પણ કરવામાં આવેલ નથી. તેમજ પાણીનો ભાવ વધારો અસહ્ય કરેલ છે જેને પગલે બીલો ભરવાના બાકી છે તો તે બીલો તા.૩૦-૮ ૧૫ પહેલાના ભાવ પ્રમાણે ભરવા સ્થાનિકો એ તૈયારી દર્શાવાઈ છે તો તે અંગે યોગ્ય કરવા મંત્રી નિતિનભાઈ પટેલ તેમજ તંત્રને પણ રજુઆત કરી છે.

# શ્રી ગજાનન સેવા સમિતિએ પાણીના ૪ બોર બનાવી આપ્યા

## ભિલોડા તાલુકામાં ૩ અને મોડાસામાં એક બોર બનાવ્યો

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર શહેરની સામાજીક કાર્યોમાં હંમેશા અગ્રેસર રહેતી શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા રાજયના ભિલોડા તાલુકાના અંતરીયાળ ગામોમાં જ્યાં પાણીની



અછત હોય છે તેમજ ગ્રામજનોને પાણી ભરવા માટે દુર દુર સુધી જવું પડતું હોય તેવા ગામોમાં પાણીના બોર બનાવીને ઉત્તમ સેવાનું કાર્ય કર્યુ છે. પાણીના નવા બોરને લઈ ગામમાં પાણીની અછત દુર થતા ગામલોકોમાં ખુશીનું મોજુ ફરી વળયુ હતું. શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા છેલ્લા ૨૦ દિવસમાં ભિલોડા તાલુકાના ખેરાડી, મેરવાડા ગામમાં ૨ બોર તેમજ મોડાસાના વાંટડા ગામમાં માત્ર ૧૨૦ફુટે પાણી આવી ગયું હતું. ગજાનન સેવા સમિતિ દ્વારા અંતરિયાળ વિસ્તારમાં ઘણા વર્ષોથી ઉનાળામાં પગરખા, શિયાળામાં ધાબળા, તેમજ કરીયાણાની કીટ જરુરીઆત વૃધ્ધ મહિલાઓને વિનામુલ્યે પુરી પાડવામાં આવે છે. આ કાર્યમાં મિલિન્દભાઈ, ગામેતીભાઈ તથા કેતનભાઈ પટેલનો સહયોગ સાંપડયો હતો. પોતાના ઘર આંગણે સફળતા પૂર્વક પાણી મળતા બધા રહેવાસીઓએ વધાવી લીધા હતા.



નર્મદા નિગમ મુખ્ય કચેરીની બીલ શાખામાં ફરજ બજાવતા શ્રીમતી સુજાતાબેન એસ. નાયર, વયનિવૃત્ત થતા તેમનો વિદાય સમારોહ નિગમની મુખ્ય કચેરીમાં યોજાયો હતો. આ વિદાય સમારોહમાં શ્રી જે.બી. રાઠવા, શ્રી બાબુભાઈ પટેલ તથા અન્ય અધિકારી, કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા અને તેમણે સુજાતાબેન એસ. નાયરને નિવૃત્ત જીવનના તથા દીર્ઘ આયુષ્ય માટે શુભકામનાઓ પાઠવી હતી. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા મંથન ભટ્ટ, ભરતભાઈ પટેલ, જી.સી. દરજી, એ.કે. તોલાણી, અલ્કાબેન શાહ, ઉષાબેન નાયર, વીણાબેન હંસાવાલા તથા અન્ય કર્મચારીગણ હાજર રહ્યા હતા.

# બાલવા ચોકડીથી ગામ તરફનો માર્ગ રિપેર કરવા ગ્રામજનોની માંગ

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગર - માણસા માર્ગ પર આવેલ બાલવા ચોકડીથી બાલવા ગામ તરફનો રસ્તો છેલ્લા ઘણા સમયથી બિસ્માર હાલતમાં છે. પાંચ વર્ષ પહેલા બનેલો માર્ગ તુટી જતા તંત્ર દ્વારા થીગડા મારવામાં આવે છે. ચોમાસા પહેલા માર્ગ રિપેર થાય તેવું ગ્રામજનો ઈચ્છી રહ્યા છે. કારણકે ચોમાસામાં માર્ગમાં પડેલા ઉંડા ખાડાઓને કારણે અકસ્માતો સર્જાવાનો ભય રહેલો છે. તંત્ર દ્વારા માર્ગનું કામ ઝડપી હાથ ધરવામાં નહી આવે તો ગામલોકો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરશે.

બાલવા ગામના એક જાગૃત નાગરીક સુરેશભાઈ ત્રિવેદી જણાવે છે કે બાલવા થી બાલવા ચોકડી સુધીનો માર્ગ વર્ષ ૨૦૧૨માં બનાવાયો હતો. પરંતુ રોડની હલકી ગુણવતાને કારણે માત્ર ત્રણ વર્ષમાં માર્ગ તુટી જવા પામ્યો છે. તુટી ગયેલા માર્ગમાં તંત્રના કર્મચારીઓ આવે છે અને થાગડ થિગડ કરીને જતા રહે છે. ચોકડીથી ગામ સુધીનો તમામ માર્ગ તુટી ગયો છે આ માર્ગમાં કેટલાક સ્થળો પર થીંગડા માર્યા છે તો કેટલીક જગ્યાએ ખાડા યથાવત જોવા મળી રહ્યા છે.

આગામી ચોમાસાની સિઝનમાં વરસાદને કારણે માર્ગની વચ્ચે જે ખાડા છે તેમાં વધારો થવાની શક્યતા જોવા મળી છે. જેને પગલે અકસ્માત થવાનો ભય રહેલો છે. ગામનો માર્ગ ૧૫ જુન પહેલા બનાવાય તેવી ગ્રામજનોમાં માંગ ઉઠવા પામી છે. જો માર્ગ રિપેર તેમજ નવો નહી બનાવાય તો ગ્રામજનો ગાંધીચિધ્યામાર્ગે આંદોલન કરવાના મુડમાં છે.

ઉલ્લેખનીય છે કે આ રોડ નવિનીકરણ માટે વર્ષ૨૦૧૫માં પાસ કરવામાં આવ્યો હોવા છતા તંત્રની બેદરકારીને કારણે માર્ગનું કામ શરુ કરવામાં આવ્યું નથી તેવુ ગામના આગેવાનોનું કહેવું છે.

# બે લાખની લાંચમાં સપડાયેલ મામલતદાર સહિત બે આરોપીઓના જામીન નામંજુર

સાબરકાંઠા જીલ્લાના હિંમતનગરના બહુમાફી ભવન કેમ્પસમાં આવેલ મામલતદાર કચેરીના મામલતદાર, નાયબ મામલતદાર તથા કલાર્કની રૂા. ૨ લાખની લાંચ લેતા ઝડપાયા હતા. જેમની જામીન અરજીની સુનાવણી ગત શુક્રવારે એડીશનલ સેશન્સ જજ સમક્ષ કરવામાં આવી હતી. જે અંગે મંગળવારે ઓર્ડર થતા ત્રણેય આરોપીઓના જામીન નામંજુર કરાયા છે.

આ અંગેની વિગત એવી છે કે હિંમતનગરના મામલતદાર કચેરીમાં ફરજ બજાવતા મામલતદાર એચ.કે.ગઢવી, નાયબ મામલતદાર ગિરીશ પરમાર તથા કલાર્ક હિરેન પટેલ દ્વારા જમીનની નોંધ મંજુર કરવા માટે અરજદાર પાસેથી રૂા.૪ લાખની લાંચની માગણી કરાઈ હતી. જેથી અરજદારે હિંમતનગરના લાંચ રૂશ્વત વિભાગના અધિકારીઓનો સંપર્ક કરતા છટકુ ગોઠવવામાં આવ્યુ હતું. જેમાં રૂા. ૨ લાખની લાંચ લેતા હિંમતનગરના મામલતદાર એચ.કે.ગઢવી, નાયબ મામલતદાર ગિરીશ પરમાર તથા કલાર્ક હિરેન પટેલ ઝડપાઈ ગયા હતા. જેમની જામીન અરજીની સુનાવણી ગત શુક્રવારે એડીશનલ સેશન્સ જજ પી.વી.જોષી સમક્ષ કરવામાં આવી હતી. જે અંગે મંગળવારે ઓર્ડરની કાર્યવાહી દરમિયાન ત્રણેય આરોપીઓના જામીન નામંજુર કરવામાં આવ્યા હતા.

આ અંગે વધુ માહિતી આપતા મુખ્ય સરકારી વકીલ અરવિંદભાઈ પટેલે જણાવ્યુ હતું કે મામલતદાર એચ.કે.ગઢવી, નાયબ મામલતદાર ગિરીશ પરમાર અને કલાર્ક હિરેન પટેલ રૂા. ૨ લાખની લાંચ લેતા હિંમતનગર લાંચ રૂશ્વત વિભાગના અધિકારીઓના હાથે ઝડપાયા હતા. જેમની જામીન અરજી નામંજુર કરવામાં આવી છે.

### સમસ્યા યથાવત... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નર્મદાનુ એક એમ એલ ડી પાણી મેળવવા ૫૦૦ એમ એમ ની લાઇન નાંખવાના બદલે માત્ર ૨૫૦ એમ એમની લાઇન આપવામાં આવી છે. જેના પરિણામે જી આઇ ડી સીના ટયુબવેલમાંથી પાણી મેળવવુ પડે છે.ગ્રીન સીટી વસાહતને ૦.૫૦ એમ એલ ડી પાણી જ મળે છે. પાટનગર યોજના ભવનના અધિકારીઓએ જી આઇ ડી સી તંત્રને વધારાની લાઇનનુ જોડાણ કરવા માટે સુચવ્યુ છે. ત્યારે આ જોડાણ માટેનો ખર્ચ કોણ ભોગવશે તેની સામે પણ પ્રશ્ન મંડરાયો છે. ગેઝિયા દ્વારા વસાહતીઓની યાદી પણ પાટનગર યોજના ભવનને સુપ્રત કરવામાં આવી નથી. જેના લીધે ગ્રીન સીટીના વસાહતીઓ હજુ સુધી પાણીના મામલે સેકટરવાસીઓની જેમ ગ્રાહક તરીકે સરકારી દફતરે નોંધાયા નથી.

### ગોળીબાર... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઉનાવા ગામના ઘનશ્યામ પટેલને રૂ. ૩ લાખ વ્યાજે આપ્યા હતા. આ રૂપિયાની ઉઘરાણી માટે ગઈ રાત્રે જગદીશ પટેલને મજનુએ વાવોલ-પુન્દ્રાસણ રોડ પર આવેલી ચોકડી પાસે બોલાવ્યો હતો. ત્યાં ઉઘરાણી મામલે બોલાચાલી થઈ અને મજનુએ બે રાઉન્ડ ફાયરીંગ કરી દીધુ હતુ. જગદીશ પટેલ ખસી જતાં ગોળી સાઈડમાંથી નીકળી જતા તે બચી ગયો હતો. ફાયરીંગ કરીને મજનુ ફરાર થઈ ગયો હતો. આ મામલે જગદીશ પટેલની ફરીયાદ લઈ સેક્ટર-૭ પોલીસે આઈપીસી કલમ-૩૦૭ અને આર્મ્સ એક્ટ હેઠળ ગુનો દાખલ કરી પી.આઈ. ડી.ડી. સોઢાએ ઊંડી તપાસ શરૂ કરી છે. ઘનશ્યામ પટેલ લેબર કોન્ટ્રાક્ટરનું કામ કરે છે. તેમણે પગાર કરવા ૩ લાખ ૭ મહિનાની મુદત માટે મજનુ પાસેથી વ્યાજે લીધા હતા. તે વાતને ત્રણે મહિના થયા હોવાથી મુદત પણ પુરી થઈ ન હતી ને મજનુએ ઉઘરાણી કરી હતી. ઘનશ્યામ પટેલ પાસે એટલી રકમ પરત કરવા ન હોવાથી તેણે ના પાડી હતી. જેને કારણે આ લેવડ-દેવડમાં વચ્ચે રહેલા જગદીશને બોલાવીને ફાયરીંગ કરવામાં આવ્યું હોવાનું સુત્રો પાસેથી જાણવા મળ્યું છે.

### તરણ સ્પર્ધા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

(આઉટડોર) રમેશ ચૌધરીએ સ્પર્ધકોને જીવનમાં શિસ્તનું મહત્વ બાબતે ઉપયોગી શીખ આપી હતી. જિલ્લા કક્ષાની આ તરણ સ્પર્ધામાં કુલ ૩૯ સ્પર્ધકોએ વિવિધ વય જુથ અંતર્ગત ભાગ લીધો હતો. જેમાંથી ૨૬ જેટલા સ્પર્ધકોની રાજય કક્ષાની તરણ સ્પર્ધા માટે પસંદગી કરાઈ છે.

સ્પર્ધામાં ગ્રુપ-૪ અન્ડર-૧૦ વય જુથમાં ઈશિતા પેનુંગોંડા, ધ્રુવ ટોકસ, અરમાન બેલીમ, રાહિલ પટેલ તથા કમલજીતસિંઘ ચૌધરીની પસંદગી રાજયકક્ષાની સ્પર્ધા માટે કરાઈ છે. ગૃપ-૩ અન્ડર-૧૨ વર્ષના વય જુથમાં હેમાંગી પટેલ, હિતાર્થ કોઠારી, હીર મહેતા, શ્રેયાસ યાદવ, શ્રેષ્ઠ જહા, રોહિત રાજપૂત, મહર્ષ પટેલ તથા પૂજા પંજાબીની પસંદગી કરાઈ છે તો ગૃપ-૨માં અન્ડર-૧૪ વર્ષના વય જુથમાં સોનાલી મીર્ધા, રૂચિસિંઘ ચૌધરી, જય મહેતા, હિમાંશુ તન્વર, વિહાર મોદી તથા નિલ સોનેનીની પસંદગી કરવામાં આવી છે. જયારે વય જુથ ગૃપ-૧માં અન્ડર-૧૭ માટે દીલપ્રિત કૌર, હર્ષદ પરમાર, નોમન લોધી, કુંદન સકસેના, મંથન ગોર તથા રાજીન્દરસીંઘ આનંદની પસંદગી રાજય કક્ષાની સ્પર્ધા માટે કરવામાં આવી રહી છે. આ તમામ તરણવીરો આગામી જુન માસમાં અમદાવાદ ખાતે યોજાનાર સબ જુનીયર અને જુનીયર ગુજરાત સ્ટેટ એકવેટિક ચેમ્પિયનશીપ ૨૦૧૬માં ગાંધીનગર જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે. કાર્યક્રમના અંતમાં ગંધીનગર ડિસ્ટ્રીકટ એસોસિએશનના પ્રમુખ વિપુલ પટેલે આભારવિધિ કરી હતી તથા એસોસિએશન વતી વિજેતા ખેલાડીઓને અભિનંદન સાથે રાજયકક્ષાની સ્પર્ધામાં ઉત્કૃષ્ઠ પ્રદર્શન કરવા શુભેચ્છાઓ પાઠવી હતી.

# સુરતની બાઈકિંગ ક્વિન્સ ૧૦ નેશન બાઈક રાઈડ દ્વારા "બેટી બચાવો" અભિયાનનો પ્રચાર કરશે

અમદાવાદ, તા. ૩૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના અભિયાન "બેટી બચાવો, બેટી પઢાઓ" અંતર્ગત ડૉ. સારિકા મહેતાના નેતૃત્વમાં સ્થાપિત "બાઈકિંગ ક્વિન્સ"ની ઉત્સાહી મહિલા બાઈકર્સનું એક જૂથ સૌપ્રથમ વખત ઓલ વિમેન ૧૦ નેશન રાઈડ પર નીકળશે. આ બાઈકિંગ અભિયાનને ગુજરાતના મુખ્યમંત્રી આનંદીબેન પટેલ ૪થી જૂન, ૨૦૧૬ના રોજ લીલી ઝંડી આપશે.

ઓલ વિમેન ૧૦ નેશન રાઈડ હકીકતમાં ૬ જૂન, ૨૦૧૬થી નેપાળમાં કાઠમંડુથી શરૂ થશે. ૪ મહિલા બાઈકર્સનું ગ્રુપ ૩૬ દિવસમાં ૧૦,૦૦૦થી વધારે કિમીની સફર ખેડશે અને ૧૦ દેશો-નેપાળ, ભારત, ભૂટાન, મ્યાન્માર, થાઈલેન્ડ, લાઓસ, કમ્બોડિયા, વિયેતનામ, મલેશિયા અને સિંગાપોરને આવરી લેશે. તેઓ આ તમામ દેશોના વિવિધ શહેરોમાંથી પસાર થશે, સ્થાનિક સમુદાય, ભારતીય સમુદાય, દેશની સરકારી સંસ્થાઓ અને મીડિયાને સંબોધશે તથા "બેટી બચાઓ, બેટી પઢાઓ" અભિયાનનો પ્રચાર કરશે તેમજ તેના પર ડોક્યુમેન્ટરી દર્શાવશે અને આ દેશોમાં મહિલા સશક્તિકરણનું ઉદાહરણ સ્થાપિત કરશે.



ગુજરાતમાં "બેટી બચાઓ, બેટી પઢાઓ" અભિયાનના ઈન-ચાર્જ જનક પટેલ (બગદાણાવાલા)એ કહ્યું હતું કે, "બેટી બચાઓ, બેટી પઢાઓ યોજનાનો ઉદ્દેશ ભારતમાં જાગૃતિ લાવવાનો અને મહિલા માટે કલ્યાણકારી સેવાઓની કાર્યદક્ષતામાં સુધારો કરવાનો છે. અત્યારે આ બાઈકિંગ ક્વિન્સ આપણા દેશમાં ચાલતા આ અભિયાનને આંતરરાષ્ટ્રીય સ્તરે લઈ જશે, ખાસ કરીને જ્યાં તેની વધારે જરૂરી છે તેવા દેશોમાં. હું આ બાઈક અભિયાનને સહકાર આપવાની ખુશી અનુભવુ છુ."

બાઈકિંગ ક્વિન્સના સ્થાપક ડૉ. સારિકા મહેતાએ કહ્યું હતું કે, "નેપાળથી સિંગાપોરનો માર્ગ ઓલ વિમેન બાઈકર્સ પ્રથમ વખત ખેડશે અને અમને રાજ્ય સરકાર તથા વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીનું પ્રોત્સાહન અને સાથ સહકાર મળ્યો છે, જેમણે ખાસ સંદેશ આપ્યો છે, જેને આ તમામ ૧૦ દેશોમાં આપવામાં આવશે. એટલે અમે ખુશ છીએ અને આ સવારીનો રોમાંચ માણવા આતુર છીએ. અમે આ સવારીને સંપૂર્ણપણે "બેટી બચાવો, બેટી પઢાઓ" અભિયાનને સમર્પિત કર્યું છે. કારણ કે અમે સમગ્ર દેશમાં, ખાસ કરીને પુરૂષો કરતા મહિલાઓની સંખ્યા નોંધપાત્ર રીતે ઓછી છે તેવા દેશોમાં આ સંદેશ ફેલાવવા ઈચ્છીએ છીએ."

બાઈકિંગ ક્વિન્સ ગિનીસ વર્લ્ડ રેકોર્ડ, એશિયા બુક ઓફ રેકોર્ડસ, લિમ્કા બુક ઓફ રેકોર્ડસ, ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડસ અને યુનિક બુક ઓફ રેકોર્ડસ જેવી વિવિધ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પુસ્તકોમાં ૧૦ નેશન રાઈડ અગાઉ અને પૂર્ણ થયા પછી વિવિધ રેકોર્ડ માટે પ્રયાસરત છે.

### ભીષણ આગ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આવ્યા હતા. નાગપુરથી આશરે ૧૧૦ કિલોમીટરના અંતર સ્થિત સેન્ટ્રલ એમ્યુનિશન ડેપોટમાં આગ લાગી હતી. પ્રાપ્ત માહિતી મુજબ બનાવની જાણ થયા બાદ તરત જ ફાયર ટીમ ઘટના સ્થળે પહોંચી હતી. પોલીસ અને અન્ય તમામ સંબંધિત ટીમો પણ ઘટનાસ્થળે પહોચી હતી. બચાવ અને રાહત કામગીરી આખી રાત ચાલી હતી. દાઝી ગયેલા જવાનોને નજીકની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યારે મૃત્યુ પામેલા જવાનોની ઓળખવિધી કરવાના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. ફાયર ટીમે કહ્યુ છે કે આ આગ ખુબ પ્રચંડ હતી. આગ લાગી જવા માટેના કારણોમાં તપાસ કરવામાં આવી રહી છે. હજુ માહિતી મળી શકી નથી. સુરક્ષા પાસની પણ સમીક્ષા કરવામાં આવી રહી છે. એક સૈન્ય અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે, ઓછામાં ઓછા ૨૦ જવાનોને મોત સકંજામાં લઈ લેનાર આ આગની ઘટનામાં સૌથી મોટી ઘટના તરીકે જોવામાં આવી છે.

### સરકાર કટિબદ્ધ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સિંહાએ પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યું હતું કે, અમારી પાસે એસેટ ફંડને લઈને પણ યોજના છે. તેમણે ઉમેર્યું હતું કે, આરબીઆઈ દ્વારા જુદા જુદા ક્ષેત્રોમાં ખાસ પગલા લેવાઈ રહ્યા છે. એનપીએને લઈને અગાઉ પણ સરકાર ચિંતા વ્યક્ત કરી ચુકી છે. નોન પરફોર્મિંગ અથવા તો બિનજરૂરી સંપત્તિને ઘટાડી દેવાના પ્રયાસ ચાલી રહ્યા છે. બેંકરપ્સી બિલ લાવવામાં આવ્યા બાદ આના સીધા ફાયદા થશે. આનાથી બેંકિંગ સેક્ટર મજબૂત બનશે. બેંકો વધુ સારી રીતે કામ કરી શકશે. નવા ધારા ધોરણો પણ અમલી કરાયા છે. બેંકરપ્સી બિલ લાવવા પાછળનો હેતુ વિજય માલ્યા જેવા ડિફોલ્ટરો સામે અંકુશ મુકવાનો પણ છે.

### ડોલર સામે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આજે ૫૮ પોઈન્ટનો ઘટાડો રહ્યો હતો. વિદેશી માર્કેટમાં ડોલર બે મહિનાની સૌથી ઉંચી સપાટીએ રહ્યો હતો. અમેરિકામાં વ્યાજદરમાં વધારાને લઈને ચિત્ર ઉપસી રહ્યું છે. વ્યાજદર વધશે તેવી અપેક્ષાઓ વચ્ચે અન્ય ચલણોમાં ઉતારચઢાવની સ્થિતિ રહી હતી. ઓસ્ટ્રેલિયન ડોલરમાં મજબૂત સ્થાનિક આર્થિક આંકડા વચ્ચે ઉછાળો જોવા મળ્યો હતો.

### Hello ફ્રેન્ડ્સ! ● ૪ પાનાનું ચાલુ...

પ્લાનિંગ કે સંઘર્ષનો આનંદ ગાયબ છે... મનહરભાઈના પગારની જગ્યા આજે પેન્શને લીધી છે, આજે પહેલી તારીખે એ આખર તારીખની યાદ તાજી કરી ખુશખુશાલ છે!

ચૂંટલો : આખર તારીખમાં કરેલી ઉધારીનો અને પહેલી તારીખે રોકડમાં મળતાં પગારનો ઈન્તજારનો એક રોમાંચ હતો.સુધરેલા પગાર બાદ આખર તારીખની ઉધારી બાષ્પીભવન થઈ ઈતિહાસમાં જમા થઈ ગઈ છે, પણ જેમણે આ આખર તારીખ અનુભવી છે, એમનો અનુભવ કયારેક સાંભળવા જેવો ખરો!

## કંપની સમાચાર

# આસ્કમી ગ્રોસરીએ અમદાવાદમાં સ્થાનિક બ્રાન્ડસ સાથે ભાગીદારી જાહેર કરી

## ગ્રાહકો સાથેનો સંપર્ક મજબૂત બનાવવાનો ધ્યેય

ભારતના સૌથી વિશાળ ઓનલાઈન ગ્રોસરી પોર્ટલ આસ્કમી ગ્રોસરીએ અમદાવાદ શહેર માટેની પોતાની કારોબારની યોજનાઓ જાહેર કરી છે. આસ્કમી ગ્રોસરીએ જાહેરાત કરી છે કે તેણે ભગવતી ફ્લોર મિલ્સ (ગાય અને ઉત્તમ), સનરાઈઝ ફિનાઈલ, ક્વોલિટી ફૂડ પ્રોડક્ટસ (જરાસો સ્પાઈસિસ) જેવી અમુક લોકપ્રિય સ્થાનિક બ્રાન્ડસ સાથે વ્યૂહાત્મક ગઠબંધન કર્યું છે.

સ્થાનિક બ્રાન્ડસ સાથે શ્રેણીબદ્ધ ગઠબંધનો દ્વારા અમદાવાદના ઓનલાઈન ગ્રોસરીના ગ્રાહકો હવે સ્ટેપલ્સ, એફએમસીજી ફૂડ આઈટમ્સ, એફએમસીજી નોન-ફૂડ આઈટમ્સ, સ્ટેશનરી, પેટ સપ્લાયીઝ, ઓર્ગેનિક, પતંજલિ ઉત્પાદન શ્રેણી અને કોસ્મેટિક સહિતની શ્રેણીઓની વિસ્તૃત શ્રૃંખલાની ખરીદી કરી શકે છે. આ પ્રોડક્ટસમાં સનરાઈઝની હર્બલ વ્હાઈટ ફ્લુઈડ, બ્લેક ફ્લુઈડ, લિક્વિડ ક્લીનરની શ્રેણી તથા ગાય છાપ બેસન, આટા અને મસાલાની રેન્જ સહિતની પ્રોડક્ટસનો સમાવેશ થાય છે.

કંપની સ્થાનિક વેચાણકર્તાઓ માટે એક વ્યવસ્થા વિકસાવવાની તેમજ અમદાવાદના નાગરિકોમાં પહેલેથી જ વ્યાપક લોકપ્રિયતા ધરાવતી સ્થાનિક બ્રાન્ડસના વેચાણને પ્રોત્સાહન આપવાની યોજના ધરાવે છે. પોતાના રાષ્ટ્રવ્યાપી ધારાધોરણોની સાથે સુસંગત એવી રીતે આસ્કમી ગ્રોસરી અમદાવાદમાં ઓર્ડર આપ્યાના ૪-૬ કલાકના ગાળાની અંદર ગ્રોસરી પહોંચતી કરવાનું વચન આપે છે. કંપનીના પાંચ પતંજલિ સ્ટોર્સ, પાંચ પેટ સ્ટોર્સ, પાંચ પેટ સ્ટોર્સ, પાંચ કોસ્મેટિક સ્ટોર્સ અને પાંચ ઓર્ગેનિક સ્ટોર્સ સાથેની કંપનીની ભાગીદારી દ્વારા વધુ મજબૂત બનાવશે.

# એચ.સી.જી.એ કેન્સર કેરને પુનઃ નિર્ધારિત કરી

કેન્સર કેરમાં વિશેષજ્ઞ, હેલ્થ કેર ગ્લોબલ એન્ટરપ્રાઈઝીસ લિમિટેડ (એચસીજી) એ વડોદરામાં આજથી સૌથી એડવાન્સ, વિસ્તૃત અને વિશાળ કેન્સર સેન્ટરની સ્થાપના કરીને ભારતમાં પોતાની ઉપસ્થિતિની હદ વધારી છે. એચસીજી કેન્સર સેન્ટર વડોદરામાં સન ફાર્મા રોડ પર સ્થિત છે. આમાં ૬૫ બેડ છે. અહીં કેન્સરના દર્દીઓને ઉચ્ચ ગુણવત્તાસભર, આધુનિકતમ અને વિસ્તૃત સ્તરે ચિકિત્સા સુવિધાઓ આપવામાં આવે છે અને તેમની ખૂબ જ સારી રીતે દેખભાળ રાખવામાં આવે છે.એચસીજી એન્ટરપ્રાઈઝીસ લિમિટેડના ચેરમેન ડૉ. બી.એસ. અજયકુમારે કેન્સરગ્રસ્ત દર્દીઓની સેવા માટે સેન્ટરને સમર્પિત કરતા કહ્યું કે દેશભરમાં સૌ માટે સુગમતાથી ઉપલબ્ધ કેન્સર કેર સેન્ટરની સ્થાપના માટે પ્રતિબદ્ધ છે.

આ સફરમાં ગુજરાત એક મહત્વપૂર્ણ રાજ્ય છે. વડોદરામાં સેન્ટરની સ્થાપના કરીને અમે ગુજરાતમાં અમારી હદ વધારી છે. હવે ગુજરાતમા અમારા ચાર કેન્સર કેર સેન્ટર થઈ ગયા છે. કેન્સર કેરના વિશેષજ્ઞ રૂપે એચસીજીનું નામ સુગમ ઈલાજ, ઉચ્ચ ગુણવત્તાના નવીનતમ ચિકિત્સા ઉપકરણો અને શ્રેષ્ઠ પરિણામો માટે લેવામાં આવે છે. અમે દેશભરમાં આ જીવલેણ બીમારીનો ઈલાજ દરેક કેન્સરગ્રસ્ત દર્દીઓની પહોંચમાં કરવવા માટે પ્રતિબદ્ધ છીએ. એચસીજી કેન્સર સેન્ટરના ડિરેક્ટર ડૉ. રાજીવ ભટ્ટે વધુમાં કહ્યું કે, એચસીજી કેન્સર સેન્ટરનું લૉન્ચિંગ એક મોટી તક છે. અમે આને ગુજરાતના લોકોની સેવા માટે સમર્પિત કરીએ છીએ. ભારતના સૌથી મોટા કેન્સર કેર નેટવર્ક, એચસીજી સાથે અમારી ભાગીદારી આ સુનિશ્ચિત કરે છે કે કેન્સર વિશેષજ્ઞોની બહુપરીમાણીય ટીમ, ઉચ્ચ કોટિના ચિકિત્સા ઉપકરણો અને સૌથી એડવાન્સ ટેકનિકની મદદથી દર્દીઓની સારી રીતે દેખભાળ કરવામાં આવી શકે.

વડોદરામાં એચસીજી કેન્સર સેન્ટરના સીઓઓ ડૉ. ભારત ગઢવીએ કહ્યું કે, અમારું લક્ષ્ય ગુણવત્તા અને સુગમતાથી કોઈપણ રીતની સમજૂતી કરીને કેન્સરનો ઈલાજ દરેકને ઉપલબ્ધ કરાવવાનો છે. અહીં એચસીજી કેન્સર સેન્ટર ખૂલવાથી હવે વડોદરા અને દક્ષિણી મધ્ય ગુજરાતના લોકોને શ્રેષ્ઠ ઈલાજ માટે શહેરની બહાર જવાની જરૂર નહી રહે.